## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*આંચકી લીધા ‘કોંગી’ના ‘સરદાર’ મૂર્તિ રચાવી!*
*ટાંચકી લીધા ‘આંબેડકર’ અનામત બચાવી!*
*લલચાવી અહિંસાને નચાવી લે બૌધ-જૈનોને -*
*પચાવી સત્તા, કરે ધાર્યું, સંઘની હો-હો મચાવી!*
*(જુગલબંધીનો જાદુ!!)*

હાઈકુ

*જેલ માં રાખી,*
*ને કાપી નાખી પાંખો...*
*એકલ પંખી...*
*(હાર્દિક, શોધે નવું ઝૂંડ)*

*નેપાળી મિત્રે...*
*ચીન-રેલ્વે લિંકથી -*
*દીધો નેપાળો...*
*(વિદેશનીતિ ને તમાચો)*

### ચિંતન

**વનાનિ દહતો વહ્નેઃ સખા ભવતિ મારૂતઃ**
**સ એવ દીપ નાશાય કૃશે કસ્યાસ્તિ સૌહૃદમ્ ॥**

અગ્નિ જયારે દાવાનળ બની વનને બાળવામાં પ્રવૃત્ત હોય છે ત્યારે તેનાં શક્તિ-સામર્થ્યને જોઈ પવન પણ તેનો મિત્ર બની વને ઝડપથી અગ્નિને ફેલાવવામાં મદદરુપ થાય છે અર્થાત તેનો મિત્ર બની જાય છે...

પરંતુ એ જ અગ્નિ સાવ, ગરીબ-દુર્બળ જેવો થઈ એક ઓલવાતા કોડિયામાં નાનો-ટમટમતો દીવો હોય ત્યારે તેમાં થોડુંક તેલ હોય છતાં પવન-હવાની નાની લ્હેરખી આવી આ અગ્નિને બૂઝાવી દે છે.

આ એ જ પવન છે જે શક્તિશાળી અગ્નિનો મદદરુપ મિત્ર હતો પણ બૂઝાતા દીપકનો સાથ છોડી દે છે. સંસાર વ્યવહારમાં પણ આવું જ ચાલે છે. સબળ-શક્તિશાળી-ધનવંતના મિત્રો બનવા પડાપડી થાય છે પણ ગરીબને કોઈ પૂછતું પૂજતું નથી.

### સુવિચાર

- દરેક દુઃખના દસ્તાવેજ પર આપણા પોતાના જ હસ્તાક્ષર હોય છે - **પૂજ્ય મોટા**
- દયા અને કરૂણાથી ભીંજાયા વગરનો જ્ઞાની માણસ તો પૃથ્વી પર ભારરુપ જ હોય છે - **અખંડ આનંદ**
- પરમાત્મા એક વાર જ ક્ષણ આપે છે અને બીજી ક્ષણ આપતા પૂર્વે તે ક્ષણ આંચકી લે છે - **સ્વેડ માર્ડન**
- સામાની મૂર્ખાઈ પર પ્રેમ રાખવો તેને કરૂણા કહેવાય - **ઝેન કથન**
- ધર્મ સદાચારનો સિદ્ધાંત છે. પવિત્રતા અને એકતાનો પાયો પણ ધર્મ જ છે, સામાજિક જીવનનો સર્જક અને પાલનકર્તા ધર્મ છે - **ધર્મસૂત્ર**
- જે હકનું ભોગવે, એને ચિંતા ન થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : અરડુસીના પાનનો રસ મધ સાથે લેવાથી ઉધરસ મટે છે (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આપણે આપણા સિદ્ધાંત અને નિશ્ચયમાં, સાચા મક્કમ હોઈએ તો મક્કમ જ રહેવું જોઈએ પછી એમાં બાંધછોડ કે પરોઠનાં પગલાં ભરવાં એ ‘કાયરતા’ કહેવાય - ગાંધીજીએ આ વાત ઘણીવાર પોતાના અંતેવાસી યુવાનોને પોતાના આચરણથી સમજાવી હતી.

કપિલપ્રસાદ દવે એક નાગર યુવાને, ગાંધીજી ને કોઈ જ્ઞાતિસભાની બેઠકમાં પ્રમુખ સ્થાને અને વ્યાખ્યાન માટે બોલાવ્યા. ગાંધીજીએ આમંત્રણ સ્વીકાર્યું - ત્યારે ‘અસ્પૃશ્યતા’ વિરુદ્ધ ચળવળ ચાલુ હતી. ઘણાં હિંદુ સંગઠ્ઠનો ગાંધીજીના આ વિચાર પ્રચાર સાથે સંમંત ન હતા.

વ્યાખ્યાન સ્થળ મંદિરના ચોકમાં હતું. વડીલોએ આવી યુવાનોને ધમકી આપી - ગાંધી આવશે તો એનાં ટાંટિયા ભાંગી નાખશું...

યુવાનો ગાંધીજી પાસે ગયા - પરિસ્થિતિની વાત કરી - ગાંધીજી કહે ‘નિર્ભય રહો’ - હું આવીશ જ...

ગાંધીજી નિર્ભિક રીતે આવ્યા. - સભા સંબોધી વિરોધીઓ છૂ થઈ ગયા હતા...

યુવાનોને આમ ‘નિર્ભયતા’ના પાઠ શીખવ્યા.

## જમ્મુ-કાશ્મીરમાં મહેબૂબા સરકાર

પાંચ રાજયોની ચૂંટણી માથે હોય ત્યારે જમ્મુ અને કાશ્મીરમાં બાજપની ભાગીદારીવાળી સરકાર ન ચાલી શકી - એવો પ્રચાર ભારતીય જનતા પાર્ટીના મોવડીમંડળ માટે માથાનો દુખાવો સાબિત થાય તે સ્વાભાવિક છે. આથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી એન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ શરતે જમ્મુ અને કાશ્મીરમાં પીડીપી - બીજેપીની ગઠબંધન સરકાર પુનઃ સ્થાપિત કરવા માગતા હતા. રાષ્ટ્રીય સ્વયં સંઘમાંથી પાર્ટીની સેવા માટે આવેલા રામમાધવ આ મુદ્દે ઘણા લાબાં સમયથી સક્રિય હતા. મુફતી મહંમદ સઈદના કદનો કોઈ નેતા પીડીપી પાસે નથી, એ હકીકત પણ સર્વવિદિત છે. અનંતનાગનાં સાંસદ અને પીડીપીના અધ્યક્ષા મહેબૂબા એમના પ્રતાપી પિતાનાં નિર્ધારિત સમયમાં પડકાર ન રચી શકાય તો પ્રજાના માથે નવેસરથી ચૂંટણીઓ ઝીંકવી પડે, જે શાસક ગઠબંધનમાંથી ચૂંટાયેલા કોઈ પણ ધારાસભ્યને ભાગ્યે જ ગમે. બની શકે કે એનો લાભ પ્રતિસ્પર્ધી નેશનલ કોન્ફરંસના યુવાન નેતા ઓમર અબ્દુલ્લાને મળે. આવી શક્યતા ટાળવા માટે ખુદ પીડીપીએ પણ નમતું જોખવું પડે એવી સ્થિતિ સરજાઈ હતી. એથી છેવટે તો ઘીના ઠામમાં ઘી પડી રહે એમ, પીડીપીના ધારાસભ્યોએ એમના વિધાનસભાના નેતા તરીકે અને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે મહેબૂબા મુફતીના નામ પર મહોર લગાવી દીધી, એટલું જ નહીં - એમણે સાથી પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટી સમક્ષ કોઈ નવી શરતો પણ નથી મૂકી. શરૂ શરૂમાં એવું લાગવા માંડેલું કે મુફતીની જેમ મહેબૂબા ભાજપને અનુકૂળ થઈ જાય એ વાતમાં માલ નથી. ખુદ મહેબૂબાએ ભાજપ દ્વારા અપાયેલ બિનશરતી ટેકાની પરવા કર્યા વગર સત્તા કરતાં સિદ્ધાંત વધારે મહત્ત્વના હોવાનું લોકલુભાવન નિવેદન કર્યું હતું. એમના અલગતાવાદી તત્ત્વો સાથેના સંબંધો જગજાહેર છે. મહેબૂબા કાશ્મીરને બાકીના હિંદુસ્તાનથી નોખી સંસ્કૃતિ ધરાવતો પ્રદેશ માને છે, બલકે

### તંત્રીસ્થાનેથી...

તેઓ હરહંમેશ પાકિસ્તાન સાથે મીઠા સંબંધોમાં આગ્રહી રહ્યાં છે. સત્તામાં ભાગીદારી માટે વલખાં મારતી ભારતીય જનતા પાર્ટીને આ મુદ્દે મૌન થઈ જવામાં નાનમ નથી લાગી. વળી અલગતાવાદી હુર્રિયતના નેતાઓ પણ મુફ્તી અને મહેબૂબા સાથે મીઠા સંબંધો ધરાવે છે. ભારતીય જનતા પાર્ટી સાથે પોતાનો હાથ અધ્ધર રહે તેવી રીતે સમાધાન કરીને જમ્મુ-કાશમીરની પ્રજાને કામ કરતી લોકપ્રિય સરકાર આપવામાં મહેબૂબાને પણ હીણપત નથી લાગતી. આખરે જમ્મુ પંથકની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી પર વિશેષ સ્નેહ દાખવ્યો હતો, તેનો અનાદર કરવો તે લોકશાહીનું અપમાન જ ગણાય. મહેબૂબા ગાઈ વગાડીને કહેતા રહે છે કે સિદ્ધાંતો અને આદર્શોના મુદ્દે પીડીપી અને ભાજપ ભેગાં બેસી શકે એમ નથી, પરંતુ લોકશાહીમાં માથાંની કિંમત હોય છે. ભાજપને બદલે નેશનલ કોન્ફરંસ કે કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી શકાય એમ છે, પરંતુ એથી પ્રજા સાથે છેતરપિંડી કરી ગણાત. પ્રજા સમક્ષ તો પીડીપી અને ભાજપ બેઉએ ઓમર અબ્દુલ્લાના નેતૃત્વવાળી નેશનલ કોન્ફરન્સની સરકાર વિરુદ્ધ ઝેરીલો આક્રમક પ્રચાર કરીને ચૂંટણી ઝુંબેશ ચલાવી હતી, આથી સિદ્ધાંત વિહોણું બિનસાંપ્રાયિક ગઠબંધન કરવા કરતાં મહેબૂબાને સિદ્ધાંત વિરુદ્ધનું - કૉમન મિનિમમ પ્રોગ્રામ વાળું (એમનાં પિતાએ સ્વીકારેલી ફોર્મ્યુલાવાળું) ગઠબંધન જ યોગ્ય લાગ્યું છે. આગામી બે-ત્રણ દિવસમાં જ મહેબૂબા મુખ્યમંત્રી પદના શપથ લેશે અને જમ્મુ-કાશ્મીરને પહેલાં મહિલા મુખ્યમંત્રી સાંપડશે. શેખ અબ્દુલ્લાની જાગીર ગણાતું કાશ્મીર ફરી પાછું અબ્દુલ્લા પરિવાર હસ્તક સરકી ન જાય તેની ભાજપને પણ ફિકર છે. વળી જમ્મુ વિસ્તારમાં મજબૂત કરવા માગે છે, અને ભાજપને અખિલ ભારતીય રાજકીય પાર્ટી તરીકેની નવી ઓળખ પણ પ્રસ્થાપિત કરવા માગે છે. ઓમર અબ્દુલ્લાએ અઢી મહિના સુધી અવઢવમાં રહેલાં મહેબૂબા સામે ઘણા સવાલો ઊભા કર્યા છે, પરંતુ રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત નથી હોતું એમ દુશ્મન પણ નથી હોતું.

## નવજીવન ટ્રસ્ટ : જે હૃદયમાં હતું તે જાહેર ચોપડાને પાને ચડ્યું!



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

૧૯૧૯માં રૉલેટ એક્ટની સામે ભારે આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે શંકરલાલ બેંકર, ઉંમર સોબાની, જમનાદાસ દ્વારકાદાસ અને ઈન્દુલાલ યાત્રિકની ઈચ્છાને વશ થઈને ગાંધીજીએ યંગ ઈન્ડિયા અને નવજીવન તંત્રી પદ સ્વીકાર્યું હતું. આ બંને છાપાં પોતાના છાપખાનામાં જ ચાલી શકે એમ એ સમયે સૌને જણાતાં સત્યાગ્રહ આશ્રમમાંથી થીંગડાં લઈને મુદ્રણાલય બનાવાયું. પણ જો તેને શોભાવતું હોય અને સ્વાશ્રયી બનાવવું હોય તો ચોવીસે કલાક એના શુભનું રટણ કરે એવા એકાગ્ર સેવકની આવશ્યકતા રહે અને એ માટે એકાગ્ર સેવકની જરુર પડી. મારી નજર સ્વામી આનંદ પર પડી એમ ગાંધી નવજીવન મુદ્રણાલય સંબંધેના એક પત્રમાં વ્યક્ત થાય છે.

૧૯૨૯માં નવજીવન ટ્રસ્ટ વિશે લખતાં ગાંધીજી એમ નોંધે છે કે સ્વામી આનંદે એક સિપાઈ તરીકે મારી ઈચ્છાને માન આપ્યું. એથી આ મુદ્રણાલય સ્વાશ્રયી બન્યું. આ દિવસોમાં નવજીવન ટ્રસ્ટ બનાવવામાં આવ્યું. આ ટ્રસ્ટ રજિસ્ટર્ડ થવા બાબતે ખુશી વ્યક્ત કરતાં તેમણે એમ કહ્યું કે ‘હૃદયમાં જે હતું તે જાહેર દફતરે ચડતાં ઢીલ થઈ.’ આ સંસ્થા (અત્યાર સુધી) વાંચનારની હતી. હવે તેને વિશેષે પોતાની માનવી હોય તો તે માને અને તેને સેવવી હોય તેટલી સેવે એવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

### વિચાર પત્રોના ટ્રસ્ટ અંગે ગાંધીની ખુલ્લા દિલની કેફિયત

પી.આઈ.નવજીવન ટ્રસ્ટ રજિસ્ટર્ડમાં કંઈક આળશ અનેક વ્યવસાયોને લીધે ઢીલ થઈ તેમ ઉલ્લેખતાં ગાંધી લખે છે ‘આ છાપાં ચલાવવાનો મને બોજો નથી લાગ્યો. તેમાંથી, વાંચનારની કૃપામાંથી અને સાથીઓની અનન્ય વફાદારીમાંથી મેં તો અમાપ રસપાન કર્યું છે અને તેમાંથી સ્વરાજની ઝાંખી કરી છે.’ વાંચક સાથેના અસરકારક પ્રત્યાયક એવા ગાંધી પછી ઉમેરે છે ‘આ પત્રોમાંથી આત્મદર્શનની આશ સીંચી છે. પણ જેને આંગણું મળે તે પોંચાની આશા રાખે, તેમ હું વાંચનારની પાસેથી વધારે અમલી સહકારની રાખું છું, એ ફળે તો સ્વરાજ હસ્તામલકવત્ છે.’

નવજીવનના કામદારો પોતાના પગારદાર માનતા હશે. આવતીકાલે તેઓ તેના ખરા માલિક થાય એ મારી ને સાથીઓની ધારણા છે. એવો ઉલ્લેખ કરતાં ગાંધી કહે છે સંસ્થાના ઉદ્દેશ સર્વવ્યાપી છે. તે ફળવામાં સંચાલકો, કામદારો અને વાંચનાર વચ્ચે સંપૂર્ણ સહકાર હોવો જોઈએ. આજ લગી થોડે ઘણે અંશે એ ચાલતો આવ્યો છે.

નવેમ્બર ૧૯૨૯ને દિવસે અમદાવાદના સબ-રજિસ્ટ્રારશ્રી સમક્ષ નવજીવન ટ્રસ્ટ માટે ડેકલેરેશન ઑફ ટ્રસ્ટ સુપરત થયું હતું. આ ટ્રસ્ટના ઉદ્દેશ અને તેની પૂર્તિને સારું મહાત્મા ગાંધીના વિચારો આગામી અંકમાં જોઈશું.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૨૪, પૃષ્ઠ : ૨૩૫ અને ૨૪૬, નવજીવન પ્રકાશન, અમદાવાદ

**(લેખક ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્ર અધ્યાપક છે)**

## જેઓ જીવન માટે દોડે છે તેઓ પેટ માટે દોડનારા કરતાં હંમેશા આગળ નિકળી જાય છે



અદબ-પલાંઠી મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

**કોઈનું પણ આંસુ લૂછયું હોય તે બેસે અહીં**
**ને પછી છાતીમાં દુખ્યું હોય તે બેસે અહીં**
**હાથ પોતાનોય બીજો જાણવા પામે નહીં**
**કીડીયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં**
**(સ્નેહી પરમાર)**

એક યુવાન : હું ખૂબ મહેનત કરું છું. પણ સફળતા મળતી નથી. પરિશ્રમ એ જ પારસમણિમાં મને વિશ્વાસ છે. થાકયા વગર પરિશ્રમ કરું છું. પણ હજી સુધી સફળ થયો નથી.

આ પ્રશ્ન માત્ર એક યુવાનનો નથી. પરંતુ એવા કેટલાય યુવાનોનો છે જે ખૂબ પરિશ્રમ કરે છે, રાત-દિવસ જોયા વગર મંઝિલે પહોંચવા માટે મહેનત કરે છે. પરંતુ સફળતા એમનાથી એક વેંત દૂર રહી જાય છે. અને નિરાશા વ્યાપી જાય છે. બે માર્કસ માટેને, એક માર્ક માટે રહી જનારાઓની સંખ્યા ઓછી નથી. અહીં એવા લોકોની વાત છે કે જેમને પરિશ્રમ કરવો છે, પરિશ્રમ કરે છે પણ સફળતા માટે થોડુંક છેટું રહી જાય છે. આ લોકો ભલે સફળ ન થયા પણ તેઓ આળસુ છે એમ કહી શકાય નહિ. તેઓ મહેનતુ છે આશાવાદી છે, નિષ્ઠાવાન છે અને છતાં સફળતા પ્રાપ્ત કરી શકતા નથી.

એક મજાની વાત સાંભળો : એક વાર એક કૂતરો સસલાની પાછળ પડયો. કૂતરો, શિકારી કૂતરો હતો. એટલે દોડવાની ઝડપ સારી હતી. સસલો આગળને કૂતરો સસલાની પાછળ. લાંબો સમય દોડયા બાદ સસલાને એક બખોલ દેખાઈ અને તે તેમાં ઘૂસી ગયો. બખોલ નાની હતી. કૂતરો અંદર જઈ ન શકયો અને સસલાની બહાર નિકળવાની રાહ જોતો બખોલની બહાર ઊભો રહયો. કૂતરાને વિચાર આવ્યો કે હું શિકારી કૂતરો, ઝડપથી દોડી શકનારો અને હું એક નાનકડાં સસલાને પકડી ન શકયો ? કૂતરાએ પોતાની જાતને પ્રશ્ન પૂછયો. હવે તેને થયુ કે હું સસલાને પૂછું ભાઈ બહાર નિકળ મારે તને સવાલ પૂછવો છે. કૂતરાના અભય વચન પછી સસલો બહાર આવ્યો. કૂતરાએ સવાલ કર્યો : મારી દોડવાની ઝડપ તારા કરતાં વધુ હોવા છતાં હું તને પકડી કેમ ન શકયો? સસલાએ સુંદર જવાબ આપ્યો : તું તારા પેટનો ખાડો પૂરવા માટે દોડતો હતો. અને હું મારી જિંદગી બચાવવા માટે. કૂતરાને ખાસ સમજ પડી નહિ. કૂતરાએ પૂછયું : એટલે ? સસલાએ કહયું : એટલે એમ કે, જેઓ જીવન માટે દોડે છે તેઓ પેટ માટે દોડનારા કરતાં હંમેશા આગળ નિકળી જાય છે.

જૂન ૧૮૯૪ માં શિકાગોથી મૈસૂરના મહારાજાને લખેલા પત્રમાં સ્વામી વિવેકાનંદજી નોંધે છે – “હે રાજવી ! આ જીવન ટૂંકુ છે. અને તેના તુચ્છ મોજશોખો ક્ષણિક છે જેઓ બીજા માટે જીવે છે તેઓ જ ખરેખર જીવે છે, બાકીના તો જીવતા કરતાં મરેલા વધુ છે.”

અત્યારે આપણે જે કાર્ય કરી રહયાં છે તે પાછળનો સંદર્ભ તપાસવો જોઈએ. અભ્યાસ નોકરી કે ધંધો કરતાં હોઈએ તે પાછળના આપણા સંબંધો તપાસીએ, કાર્ય પાછળના હેતુની યથાર્થતા અને યોગ્યતાને સમજીએ. સ્વાર્થ માટેની દોડ છે કે પરમાર્થ માટેની? આપણા કાર્યમાં જયારે પરમાર્થની સુગંધ ભળે છે ત્યારે કાર્યનો વિશાળ હેતુ સાર્થક બને છે.

‘માનવી મટી, બનુ વિશ્વમાનવી’, મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીની આ પંકિતનું સાર્થકય તો જ જળવાશે જયારે આપણું કાર્ય સમષ્ટિ માટે બની રહે. હંમેશા વેંત છેટે રહી જતી સફળતા, આપણી કાર્ય કરવાની પધ્ધતિ, તે માટેનો વૈશ્વિક હેતુ અને કરેલી સાધના, પવિત્ર હોય તો સરેરાશ સફળતા કરતાં એક વેંત ઊંચી અને ભવ્ય સફળતા મેળવી શકાય એમાં બે મત નથી. ઝડપ કેટલી છે એના કરતાં દોડનો હેતુ શો છે તે વધુ મહત્ત્વનું બની રહે છે.

**હંમેશા વેંત છેટે રહી જતી સફળતા, આપણી કાર્ય કરવાની પધ્ધતિ, તે માટેનો વૈશ્વિક હેતુ અને કરેલી સાધના, પવિત્ર હોય તો સરેરાશ સફળતા કરતાં એક વેંત ઊંચી અને ભવ્ય સફળતા મેળવી શકાય એમાં બે મત નથી, ઝડપ કેટલી છે એના કરતાં દોડનો હેતુ શો છે તે વધુ મહત્ત્વનું બની રહે છે**

**મિસરી**

પરાર્થે તરે આંખમાં
આંસુ જયારે,
મળે મર્દને સ્ત્રીની
ઊંચાઈ ત્યારે
(ઉમાશંકર જોશી)

## ઊડતી આભે હોળીની શ્વેતઝાળ પ્રેમ પ્રકાશે!



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર ‘દધિ’

વૃત્તસંચય

● સાહિત્ય સંગમ - સૂરતના ઉપક્રમે, જાણીતા શાયર નિદા ફાજળી - મુક્તદા હસનના દુઃખદ અવસાન નિમિત્તે ‘શાયર નિદા ફાજલી અંજલિ કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં શાયર જનાબ નિદા ફાઝલી પર કેટલીક કાવ્યપ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં નરેશ કાપડીયાએ નિદા ફાઝલીના જીવન કવન વિશે દશ્યશ્રાવ્ય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી.’

● ગુજરાતી ભાષા સાહિત્યમાં ટૂંકી વાર્તાઓનું મૌલિક સર્જન થતું રહે અને સાહિત્યની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે તે હેતુથી, નર્મદ સાહિત્ય સભા-સૂરત દ્વારા પ્રતિવર્ષ, વર્ષની શ્રેષ્ઠ નવલિકાને રૂા. ૨૫,૦૦૦ નું કેતન મુનશી પારિતોષિક આપવામાં આવે છે, ઉપરાંત વધારાનાં બે ઈનામો રૂા. ૧૦,૦૦૦ અને રૂા. ૫૦૦૦ ના આપવામાં આવે છે. વાર્તાસ્પર્ધા ૯ વર્ષ ૨૦૧૬ અન્વયે; વાર્તાકાર કેતન મુનશીની અવસાન તારીખ ૮ માર્ચ, ૨૦૧૭ની આસપાસની તારીખોમાં સમારોહ યોજીને ઉપરોક્ત પારિતોષિક આપવામાં આવશે. આ વાર્તાસ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાતી ભાષામાં લખાયેલી અને કયાય પણ પ્રગટ ન થયેલી ટૂંકી વાર્તા, ૨૫૦૦ થી ૩૦૦૦ શબ્દોમાં લખાયેલી અને ગુજરાતી ભાષામાં જ મૌલિક સર્જન કરાયેલ વાર્તા; પૃષ્ઠની એક જ બાજુએ એ-૪ સાઈઝના કાગળ પર ટાઈપ થયેલ કે સુવાચ્ય અને સારા અક્ષરે લખાયેલી વાર્તા, વાર્તાનું ફક્ત શિર્ષક લખીને બીજા અલગ કાગળ પર નામ, સરનામું, ઈમેઈલ એડ્રેસ તથા નવલિકાનું નામ લખીને વાર્તા બે નકલમાં અંતિમ તા. ૩૦.૯.૨૦૧૬ સુધીમાં ‘નર્મદ સાહિત્ય સભા, C/o સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપરા, પંચોલી વાડીની સામે, સૂરત - ૩૯૫૦૦૧’ના સરનામે મોકલી આપવાની રહેશે.

● ગુજરાતના જાહેર જીવનના જાણીતા ચહેરાસમ ગુજરાતી સમાજના પ્રમુખ અને ‘વિશ્વ મેળો’ સામયિકના તંત્રી શ્રી કૃષ્ણકાંતભાઈ વખારિયાએ ગુજરાત અને દેશના સાર્વજનિક જીવનને નજીકથી અભ્યાસ કરીને તેના વિવિધ પડકારો અને પ્રવાહોના સાક્ષીરુપ રહીને, અનુભવ નિચોડનું પુસ્તક ‘યુગદર્શન’ લખ્યું છે; જેનું વિમોચન અને લોકાર્પણ વિધિ અમદાવાદ ખાતે અગ્રણી મહાજનો, લેખકો, ધારાશાસ્ત્રીઓ અને વિવિધ કોર્ટોના ન્યાયાધીશોની હાજરીમાં ઉજવાઈ ગયો.

● ‘સદા સર્વદા કવિતા’ શ્રેણીમાં અમદાવાદ ખાતે પ્રતિમાસ, ત્રણ પેઢીના ત્રણ કવિઓનું કાવ્યપઠન યોજાય છે તે અંતર્ગત, અમદાવાદના, આત્મા ઓડિટોરિયમમાં ડૉ. ધીરુભાઈ પરીખ, ડૉ. એસ. એ. રાહી અને ચંદ્રેશ મકવાણાનો કાવ્યપઠનનો કાર્યક્રમ પ્રબુદ્ધ શ્રોતાઓ અને કવિતા રસિકોની હાજરીમાં યોજાઈ ગયો. જેમાં ગઝલકાર શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે ત્રણેય કવિઓનો ટૂંકો પરિચય આપીને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં સર્વશ્રી ચંદ્રકાન્ત શેઠ, ડૉ. ચિનુ મોદી, જલન માતરી, યોગેશ જોશી, પ્રફુલ્લ રાવલ, ભાવેશ ભટ્ટ, ભાવિન ગોપાણી, અનિલ ચાવડા, તેજસ દવે, કૃષ્ણ દવે વિગેરે સર્જકો ઉપસ્થિત રહ્યા હતા.

● વિશ્વ કવિતા દિન નિમિત્તે ‘શબ્દ સેતુ’ મોડાસા દ્વારા સ્વરચિત કવિતા પઠનનો કાર્યક્રમ મોડાસા ખાતે સરસ્વતી બાલમંદિર ખાતે યોજાઈ ગયો જેમાં ‘શબ્દસેતુ’ના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથાર તથા સલીમ શેખ, અંબાલાલ પટેલ, માસુમ મોડાસલી, કાન્તિલાલ જો. પટેલ, ડૉ. પિનાકિન પંડ્યા, ઈશ્વરભાઈ શ્રીગોડ વિગેરેએ કાવ્યપઠન કર્યું હતું જયારે ડૉ. જિજ્ઞેશભાઈએ સૌનું સ્વાગત કરીને, પ્રવર્તમાન સમયમાં કવિતા સર્જન, કાવ્ય શિક્ષણ, કાવ્યાનુભૂતિ અને મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષી વિશે વિગતે વાત કરી હતી અને અંતમાં સલીલ શેખે આભારવિધિ કરી હતી.

દધિ ખારાશ :

અસ્પૃશ્યતા સામેની ઝુંબેશ બદલ છેક ૧૯૩૪માં સનાતનીની હિન્દુઓએ પૂનામાં ગાંધીજીની હત્યાનો પ્રયાસ કર્યો હતો અને છેવટે એક હિન્દુએ જ મહાત્માને ગોળીએ દીધા ! આ છે આપણી માનસિકતા.

● પરિષદના સંયુક્ત ઉપક્રમે નરસિંહ મહેતાની કૃતિઓ/પદોના હિન્દી અનુવાદનું કામ એસ.જી.વી.પી., નિરમા યુનિ. સામે અમદાવાદ ખાતે શરુ કરવામાં આવ્યું છે. ૧૯ અનુવાદકો સાથે તા. ૬ થી ૯ ફેબ્રુ. ૨૦૧૬ દરમિયાન હિન્દીના ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર અને હિન્દી સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. ચંદ્રકાન્ત મહેતાના અધ્યક્ષપદે નરસિંહ મહેતાની કૃતિઓ તથા ૫૫૦ પદોનું હિન્દી અનુવાદ કાર્ય પ્રથમવાર સંપન્ન થયું. આ શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના મહાપાત્ર શ્રી મનોજભાઈ ઓઝા તથા પૂર્ણાહૂતિ પ્રસંગે અકાદમીના અધ્યક્ષ અને કવિશ્રી ભાગ્યેશભાઈ જ્હા તથા સ્વામી માધવ પ્રિયદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા કાવ્યસત્રોની જેમ ગદ્યસત્રોનું પણ આયોજન કરવામાં આવે છે. ગુજરાતી ભાષાની પ્રશિષ્ટ કૃતિઓનું પઠન કરવા તા. ૧૩ ફેબ્રુ. ૨૦૧૬ના રોજ હિંમતનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ગદ્યસત્ર - વાચિકમ્ કારક્રમ યોજાઈ ગયો જેમાં ડૉ. કેશુભાઈ દેસાઈ એ પોતાના નવલકથા ‘જોબનવન’, ડૉ. ઉત્પલ પટેલે ‘છે મૃત્યુ એનું કવિતા ભરેલું’ માંથી કવિશ્રી ગીરીન ઝવેરીનું જીવન ચરિત્ર, શ્રી અરવિંદ ટાંકે પોતાના નિબંધ સંગ્રહ ‘ગોખ’માંથી એક નિબંધ અને નિદેશ પટેલિયાઓ પોતાના એક નિબંધનું વાંચન કર્યું હતુ જયારે નાટ્યવિદ્ શ્રી અરવિંદ પંડ્યાએ વાચિક અને આંગિક અભિનય વિશે સમજૂતી આપી પોતાના નાટક ‘વીરભૂમિ’ ના અંશો અભિનયસહ રજૂ કર્યા હતા. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. રૂપા ભટ્ટે કર્યું હતું. આવી રીતે વિસનગર, ઊંઝા, ખેડબ્રહ્મા અને વિજયનગર ખાતે ગદ્યસત્રો - વાચિકમ્ યોજાઈ ગયાં જેમાં સંયોજક તરીકે મૂર્ધન્ય જાણીતા નવલકથાકાર સર્જક શ્રી ડૉ. કેશુભાઈ દેસાઈ રહ્યા હતા.

‘દધિ હાઈકુ’

(૧)
જિંદગી રળ્યો -
કમાણી ધરબાણી
દારૂ બાટલે!

(૨)
ધૂળેટી બ્હાને;
રંગસંગે યુવાનો
શોધે મિલન!

(૩)
કસબી હાથે
ઘડી બેટી વિધાતા,
કરી કમાલ!

(૪)
નવરા બેઠા
અતીતને ખોતરી,
વહોરો પીડા!

(૫)
ઊડતી આભે
હોળીની શ્વેતઝાળ
પ્રેમ પ્રકાશે!

(૬)
કેસરવર્ણો
થયો કેસૂડો વને,
આવી વસંત!

-muljibhaidadhi@gmail.com